



મનુષ્યથી મહાન બીજું કોઈ નથી. - પં. શ્રીરામ શર્મા અચાર્ય

# મનુષ્યની મહાન બીજું કોઈ નથી.

## અનુક્રમણિકા :

**----------Click here -----------**


1. મનુષ્ય ઈશ્વરની સર્વશ્રેષ્ઠ કૃતિ
2. અણસમજ સૌથી મોટું સંકટ :
3. આત્મ બળ : આત્મજ્ઞાનમાં સહાયક
4. પ્રત્યેક વ્યક્તિ મહાન બની શકે છે.
5. તમે ઈશ્વરના પુત્ર હોવાનો સ્વીકાર કરી દો.
6. આત્મા-શ્રદ્ધા ની જરૂરિયાત
7. ટીકાઓથી ડગી ન જાઓ.
8. હીન ભાવના વિકાસ માટે ઘાતક
9. આત્મા-શ્રદ્ધાથી વાતાવરણ નિર્માણ્ય
10. મંદ વિચાર, શિથિલ પ્રયત્ન કાર્ય સિદ્ધમાં બાધક
11. શંકાશીલ મન શક્તિહીન

## મનુષ્ય ઈશ્વરની સર્વશ્રેષ્ઠ કૃતિ

બાઈબલ કહે છે, "મનુષ્ય ઈશ્વરની સર્વશ્રેષ્ઠ કૃતિ છે." પરંતુ એનાથી વિરુદ્ધ આપણે જોઈએ છીએ કે સાધારણથી અસાધારણ બનવાનું તો ઠીક, વ્યક્તિ સાધારણ સ્તરની પણ નથી રહી શક્તી. તેનું મૂળ કારણ છે પોતાની શક્તિનું જ્ઞાન ન હોવું.

હનુમાનને જો પોતાની શક્તિનું જ્ઞાન રહ્યું હોત તો જાંબવંતના ઉપદેશની તેમને જરૂર ન રહેત. રામનો આદેશ મળતાં જ તે ચાલી નીકળત. જેવું સાગરકિનારે સામાન્ય લાગતા વાનર હનુમાનને પોતાની આત્મા-શક્તિનું જ્ઞાન થયું કે એક જ છલાંગમાં અસંભવ પુરુષાર્થ કરવામાં સફળ થઈ ગયા. અંગારા પર રહેલી રાખ આગની તીવ્રતાને છુપાવી રાખે છે. જેવી એને દૂર ચિત્ર બને છે.

તે ચિત્ર દરેકનું ધ્યાન પોતા તરફ ખેંચે છે. જોનારાઓને પણ આનંદ મળે છે અને ચિત્રકારને આત્મસંતોષ મળે છે.

પોતાના વ્યક્તિત્વની પણ જો આ પ્રકારની સુંદર છબી-ચિત્ર બનાવવામાં આવે તો ખુદ આત્મસંતોષ મળે જ છે અને બીજાઓને પણ તેનાથી પ્રસન્નતા-પ્રેરણા આપી શકાય છે. જીવન જીવવાની કળા વ્યક્તિને આ રીતે એકત્રિત કરવાની પ્રક્રિયાનું નામ છે.

## અણસમજ સૌથી મોટું સંકટ :

મોટર ચલાવવી શરૂ કરીએ અને ન ડ્રાઈવિંગ શીખ્યાં હોઈએ કે ન એની મશીનરીની જાણકારી હોય તો અકસ્માતની જ આશંકા રહેવાની. તેથી મોટરનું તૂટવું અને બેસનારાઓનું જોખમ સ્વાભાવિક છે. હિસાબ-કિતાબ, વેપાર-વણજના

અનુભવ વિના શું કરવામાં આવે – તેવી તે પોતાની મૂળ સ્વરૂપમાં પ્રકાશિત – તાપયુક્ત બની જાય છે. સૂર્ય પર વાદળ છવાયાં હોય તો થોડા સમય માટે વાતાવરણમાં ઠંડક છવાય છે. વાદળો દૂર થતાં જ સૂર્યપ્રકાશ તથા ગરમી તે વિસ્તારના દરેક ભાગમાં પહોંચવા માંડે છે. આપણો આત્મા પણ એવો જ પ્રકાશમાન-જાજવલ્યમાન છે. ફકત મેલ-વિકારોએ, વિસ્મૃતિની માયાએ, જન્મજન્માંતરોના સંચિત કુસંસ્કારોએ તેના તેજને ઢાંકી રાખ્યું છે. જો આ માયાજાળનું આવરણ દૂર કરવામાં આવે તો અસાધારણ સ્થિતિમાં પહોંચવું શક્ય છે.

સારામાં સારા કાગળ પર કીમતી રંગ પણ અસ્તવ્યસ્ત ફેલાવવામાં આવે તો કાગળ તેમ જ રંગ બને નકામા જશે, પરંતુ તે જ કાગળ પર તે જ રંગ જ્યારે કોઈ ચિત્રકાર પીંછીથી લગાવે છે તો સુંદર વેપાર ચાલી શકે ? જેને ખેતીકામ આવડતું નથી તે ખેતરોમાં વીજ વેરતો ફરે એટલે સારા પાકની આશા કેવી રીતે રખાય ? લશ્કર, પોલીસ, શાસન, રેલવે વગેરે સરકારી વહીવટોમાં કામ કરનારા માણસો પહેલાં તાલીમ લે છે, પછી નિમણુંક થાય છે. જો તાલીમ વિના અણસમજુ અણઘડ આ વિભાગોમાં નિયુકત કરવામાં આવે તો કોઈ સારા પરિણામની આશા નથી રખાતી. આવા અણસમજુ વ્યક્તિઓ જયાં જશે ત્યાં સંકટ જ પેદા કરશે. મહાત્મા ઈમર્સન કહેતા હતાં. ‘મને નરકમાં મોકલી. હું મારા માટે ત્યાં સ્વર્ગ બનાવીશ.’ તેઓ જાણતા હતાં કે દુનિયામાં ભલે કેટલીય ખરાબીઓ અને ખામીઓ કેમ ન હોય, જો મનુષ્ય પોતાની જાતને સુસંસ્કૃત બનાવશે તો ખરાબીઓની અસરમાંથી બચી શકશે. મોટરની મહત્વની સ્પ્રિંગ ઉત્તમ હોય તો રોડના ખાડા તેને વધારે આંચકા નથી આપતા, મોટરના જમ્પના આધાર પર જ ખાડાઓની પ્રતિક્રિયા સહન કરાય છે. સજ્જનતામાં પણ આવી જ વિશેષતા છે. જે દુર્જનોને નગ્નરૂપે પ્રગટ થવાની તક ભાગ્યે જ આવવા દે છે.

ભીના લાકડાને એક નાનો અંગારો બાળી શક્તો નથી પણ બુઝાઈ જાય છે, દુષ્ટતા પણ સજ્જનતા સામે હારી જાય છે. છતાં સજ્જનતામાં એક બીજો ગુણ પણ છે કે કોઈ તકલીફ આવી જાય તો સંતુલન ખોયા વિના, એક તુચ્છ વાત માનીને તેને હસતાં- હસતાં સહન કરી લે છે.

## આત્મ બળ : આત્મજ્ઞાનમાં સહાયક

મનુષ્ય કે સિદ્ધ પુરુષોનો સૌથી મોટો ચમત્કાર છે એમનું 'આત્મબળ,' તે જ તેઓને પોતાના સુષુપ્ત સામર્થ્યનું જ્ઞાન આપે છે. જેના કારણે તેઓ કઠણથી કઠણ અનુ પ્રતિકુળથીય પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ આદર્શો તથા દઢ સિદ્ધાંતો પર ટકી રહે છે.

આ ચમત્કારી ક્ષમતા સામાન્યમાંથી રાજકુમાર સિદ્ધાર્થને ગૌતમ બુદ્ધ, એક ભરવાડના બેટાને ઈસુ, સાધારણ સાધુ સમર્થ રામદાસ, વાસનામાં ડૂબેલા કામાંધ વ્યક્તિને તુલસીદાસ, એક પૂજારીને રામકૃષ્ણ પરમહંસ, એક ડાકુને સંત વાલ્મિકી તથા એક અધ્યાપકને મહાયોગી અરવિંદ બનાવે છે. સમાન્ય પરિસ્થિતિઓમાંથી પર જઈને મહામાનવો-દેવપુરુષોની હારમાં જઈ બેસવું શું ઓછો ચમત્કાર છે ? લોકોએ તો જાદુગરની હાથચાલાકીને જ ચમત્કાર માન્યો છે.

વાસ્તવમાં જેમણે આધ્યાત્મિક સંપત્તિ  કમાઈ છે તેઓને આ રીતે ચમત્કાર બતાવવાની કદી જરૂર નથી પડતી. સમૃદ્ધ માણસ પોતાના ધનને  સુરક્ષિત રાખે છે, તે દરેકને બતાવતો નથી ફરતો. આ તો પ્રદર્શિત કરનારનું છીછરાપણું અને ઉત્સુક બાળક-બુદ્ધિવાળાઓનું બાળપણ છે. જે ઘડા-પ્રદર્શન (સોનામહોર ભરેલો ઘડો) ને જ મુખ્ય માની બેસે છે. જીવનના ગૌરવને જેઓ સમજ્યા છે.

તેઓએ બુદ્ધિપૂર્વક તેની સાધના કરી છે અને બદલામાં અગણિત બહુમૂલ્ય મણિમોતી પામ્યા છે. તેનાથી તેઓએ પોતે લાભ મેળવ્યો છે અને અનેકને લાભ થયો છે.

## પ્રત્યેક વ્યક્તિ મહાન બની શકે છે.

પ્રત્યેક વ્યક્તિમાં મહાન બનવાની શક્યતા બીજરૂપે રહેલી હોય છે. તાલીમ અને અભ્યાસ દ્વારા તેનો વિકાસ થઈ શકે છે. મદારી રીંછ, વાનરોને પણ, જેઓમાં સમજશક્તિ નથી હોતી અને નથી બૌદ્ધિક ક્ષમતા, તાલીમ આપીને માણસો જેવો વ્યવહાર કરતાં શીખવે છે, તો ક્યું કારણ છે કે બૌદ્ધિક ક્ષમતા, સહકારની સગવડ અને અનેક વિશેષતાઓ હોવા છતાં પણ મનુષ્ય દીન-હીન બની રહે ? જો પ્રયત્નો કરવામાં આવે તો દરેક વ્યક્તિ મહામાનવ જેવું વ્યક્તિત્વ બનાવી શકે છે. આત્મદર્શનને ઈશ્વરપ્રાપ્તિની બરાબર બતાવ્યું છે.

આ રહસ્યવાદને જો સરળ શબ્દોમાં સમજવો હોય તો બોલાચાલની ભાષામાં એટલું કહેવાથી પણ કામ ચાલે છે કે, પોતાના એટલે કે જીવનના ગૌરવને સમજવામાં આવે અને આ કલ્પવૃક્ષ ની નિષ્ઠાપૂર્વક સાધના કરવામાં આવે. આટલું સમજવામાં, સ્વીકારવામાં આવે તો સમજી લેવું કે આત્મવિજ્ઞાનની બારાખડી યાદ થઈ ગઈ. નહિતર અક્ષરજ્ઞાન શીખ્યાં વિના સ્નાતક બનવાનું દિવાસ્વપ્ન જોનારાઓને કોણ રોકી શકે છે ? એના માટે એક વાતની જરૂરત છે કે આપણે માનવગૌરવને સમજીએ અને તેના પ્રત્યે શ્રદ્ધાળું બનીએ તથા મહત્વપૂર્ણ વાત એ છે કે એને સ્વીકારવા માટે સંકલ્પશક્તિ પરિપકવ કરીએ.

આ બે તથ્યો પર જેટલો ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે તેટલું જ આ રહસ્ય પ્રગટ થતું જશે કે પ્રગતિ અને દુર્ગતિનું કારણ શું છે ?

અંતરંગની હલકટતા લોકોની આંખોની છુપાવી તો શકાય છે પણ આ સડેલા અંગમાંથી વેદના તો થવાની જેવી પરૂ ભરેલા ફોલ્લાની અંદર થાય છે અને ખાવા-સૂવાથી લઈને સામાજિક વર્તુળ અને પરિવારને હેરાન કરે છે.

કુસંસ્કારિતાનાં ઊંડાં મૂળિયાં અયોગ્ય આકાંક્ષાઓ અને અનૈતિક માન્યતાઓમાં હોય છે. તેને જયારે અંકુર ફૂટે છે તો આળસથી માંડી દુર્વ્યસનના રૂપે દેખાવા માંડે છે અને પરિપકવ પણ થાય છે ત્યારે ભ્રષ્ટતા અને દુષ્ટતાના રૂપમાં પોતાની હરામખોરીનો પરિચય આપે છે. તેને રોકી, ઉખાડી કેમ શકાય ? આત્મા પર છવાયેલી આ મલિનતાના આચરણથી કેવી રીતે મુક્તિ મેળવી શકાય ? એના માટે કોઈ વરદાન પર આધારિત ન રહેતા તે આધારને સ્વીકારવો જોઈએ, જે બનતાં વગર માગણીએ અનુદાન વરસવા માંડે છે. નદીઓ ઊંડી હોય છે, કારણ કે તેઓમાં પર્વતોથી માંડી ખેતરો સુધીનું પાણી સ્વયં દોડતું-દોડતું આવી પહોંચે છે. સાચો રાહ આ છે. સાચી નીતિ આ જ છે.

## તમે ઈશ્વરના પુત્ર હોવાનો સ્વીકાર કરી દો.

તમે અમારી વાત માનો, પોતાને ઈશ્વરના પુત્ર હોવાનો સ્વીકાર કરો. બસ, તમે આ તમામ સંપત્તિના સ્વામી બની જશો. જે તમારા પિતામાં છે. પોત્રમાં પિતાના સર્વ ગુણ આવવા આવશ્યક છે. ઈશ્વરના પુત્ર હોવાના નાતે તમે પણ અનંત શક્તિઓ અને દૈવી સંપત્તિઓના માલિક બની જશો. ઈશ્વરના અખંડ ભંડારના અધિકારી બની જશો. આમલીનું એક નાનું પાન તોડો, એને જીભ પર રાખો અને દાંતોથી ચાવો. તમને તે ખોટું લાગશે. આમલીના ફળને ચાખો તે વધારે ખાટું લાગશે. આમલીનાં ફૂલ, છાલ, બીજ, પાન, કૂંપળો બધામાં ખટાશનો ગુણ થોડે ઘણે અંશે સમાન રૂપમાં રહેલો છે. સર્વત્ર તે જ ગુણ અદ્રશ્ય રૂપે વ્યાપ્ત છે.

એક લીમડાનું પાન તોડીને ચાખો-કડવું છે. તેની લીંબોળી, તેની છાલ બધું કડવું છે. ફળ  કડવાં છે. જેવું બીજ હોય છે તેવું જ ફળ હોય છે. બીજમાંથી ફળ અને ફળમાંથી તેવું જ બીજ, તેવી રીતે જ સૃષ્ટિ- તેવો જ જગતના પ્રાણી જગતનો ક્રમ છે. તમે જંતુ વિજ્ઞાન વિશારદો સાથે વાતચીત કરો. તેઓ આપને બતાવશે કે જે ગુણ કોઈ પણ જીવના પિતામાં હોય છે તે તેનાં સંતાનોમાં પાંગરે છે અને ફલિત થાય છે. દૂધાળું ગાયની વાછરડી, 'મા' થી પણ અધિક દૂધ આપે છે. જાત સુધારવાળા ફક્ત ઊંચી જાતની ગાયોની જ રક્ષા કરે છે. તેમનાં જ બચ્ચાંને ધ્યાનથી ઉછેરે છે. પિતા-માતાના ગુણ તેમનાં બાળકોમાં ખૂબ ઝડપથી ખીલે છે. ખૂબ ફૂલે-ફળે છે. પછી જો તમે તમારી જાતને ઈશ્વરનો પુત્ર હોવાનો સ્વીકાર કરતા હો તો એક એવા શક્તિ સ્રોતથી તમારો સંબંધ સ્થાપિત કરો છો, જે અતૂટ છે, સંસારના સર્વોચ્ચ ગુણોનું મૂળ સ્થાન છે. પ્રત્યેક પ્રતિષ્ઠિત  કલાકાર, મૂર્તિકાર પોતાની કલાકૃતિઓમાં ગૌરવનું ધ્યાન રાખે છે. જો તે હલકી કે બેડોળ હોય તો તે કૃતિનો જ તિરસ્કાર – મશ્કરી નહીં થાય, પરંતુ તેના સર્જન, કલાકારનું પણ ગૌરવ હણાય છે. મનુષ્ય ઈશ્વરની સર્વોત્મ કૃતિ છે. તેને બનાવવા-કોતરવામાં તેણે પોતાની કલાકારીગરીને ચરમસીમાએ પહોંચાડી છે. શરીરના (એક-એક અંગ) સ્પેર પાટર્સની રચના અને કાર્યશૈલી પર વિચાર કરીએ તો માલૂમ પડે છે કે બધા જ વૈજ્ઞાનિક એકસાથે બેસી જાય તો પણ  કોઈ એક અવયવની સાચી પ્રતિકૃતિ પણ ન બનાવી શકે. માનવી બુદ્ધિને એક ક્યારીમાં ઉગેલાં ફૂલોનો ફાલ (પાક) કહી શકીએ છીએ. શારીરિક અને બોદ્ધિક ક્ષમતા ઉપરાંત એક ભાવના ક્ષેત્ર પણ આ ઈશ્વરીય સર્જનની એક વિશેષતા છે જે છે જે માનવી મનમાં ઉત્તમતાના સાર રૂપે રહેલું છે. ઈશ્વરનાં અરમાન તો પૂરાં થઈ ગયાં. હવે મનુષ્યનું કર્તવ્ય શરૂ થાય છે કે તે કર્તવ્યને કલુષિત અને કલંકિત ન કરે. સૃષ્ટાની ગરીમાને પડવા ન દે અને તે અરમાનોને ચોટ ન પહોંચાડે. જેને લઈને સર્જનહારે આટલી તીવ્ર આકાંક્ષા કરી અને સર્જનનુ કષ્ટ ઉઠાવ્યું. મનુષ્યની સંભાવનાઓ અસીમ છે.

મનુષ્યથી મહાન બીજું કોઈ નથી. - પં. શ્રીરામ શર્મા અચાર્ય

મનુષ્ય ઊતરતો તે સ્થિતિમાં છે. જ્યારે તે પોતાની તાકાતને ઓળખવામાં અને ઉપયોગ કરવામં ઉપેક્ષા રાખે. તે મહાન અને અસાધારણ તે સ્થિતિમાં છે જ્યારે તે પોતાની મહતા સમજે અને અનંત ક્ષમતા પર વિશ્વાસ રાખે. જેટલો અનંત આ પરમાત્મા છે, તેટલો જ મહાન તેનો પુત્ર છે. મહર્ષિ વ્યાસ મહાભારતમાં કહે છે, હું એક રહસ્યની વાત બતાવું છું કે આ સંસારમાં મનુષ્યની શ્રેષ્ઠ બીજું કોઈ નથી.

## શું કરવામાં આવે.

એના માટે વાસ્તવમાં શું કરવું પડશે ? તેનો ઉત્તર એક જ છે, પોતની સંચિત કુસંસ્કારિતાથી પીછો છોડાવવામાં આવે અને લોકપ્રવાહમાં વહેવાનો ઈન્કાર કરવામાં આવે. સંકલ્પ એક જ રહે કે પ્રવાહમાં વહેવું નથી, માત્ર યોગ્યતા જ સ્વીકારવી છે. અયોગ્યની પ્રેરણા ભલે સગાસંબંધીઓ દ્વારા  આપવામાં આવ્યા કરે અથવા સમગ્ર વાતાવરણમાંથી એવું જ પ્રોત્સાહન મળ્યા કરે, પોતાનો નિર્ણય સ્વતંત્ર તથા આદર્શવાદી હોવો જોઈએ. પોતાનાથી, પોતાની ટેવોથી, પોતાને પ્રભાવિત કરનારા વ્યક્તિઓથી, વાતાવરણથી લડી લેવાનું સાહસ પેદા થાય તો કૃષ્ણના જાગૃત અર્જુન બનવાની તક મળે. કર્તવ્ય કહે છે કે પુરાણા ઢાંચાને તોડો, તેનાથ લડો અને અનિચ્છનીયને દૂર કરો, પરંતુ અર્જુનનો મોહ આ જૂના, કાયમી ટેવાયેલા, ચિરપરિચિત ઢાંચાને છોડવા-તોડવાનું સાહસ નથી કરી શક્તો અને વિચારે છે કે, જેવું ચાલે છે, એમ જ ચાલવા દેવામાં આવે. કર્તવ્યપાલન જો આટલી બધી મુસીબતોથી ભરેલું છે. આત્મજાગૃતિનું જો આટલું મોઘું મૂલ્ય ચૂકવવું પડે તો તેને શું કામ છોડી ન દેવું ?

આ રીતે મહાભારતમાં જયારે મોહગ્રસ્ત અર્જુન જ્યારે ગાંડીવ નીચે રાખીને બેસી જાય છે, ત્યારે ભગવાન અનેક તર્ક, તથ્યોના માધ્યમથી તેને સમજાવે છે. તેઓ કહે છે કે, ચિરપરિચિત રૂઢિયઓ રિવાજોમાં રહેવાના કારણે સ્વજન-

સંબંધીઓની જેમ અતિ નજીકની પ્રિય બની ગઈ. તેમને દૂર કરવાની અત્યંત આવશ્યકતા છે. એમણે જ આત્મગૌરવથી અર્જૂનરૂપી મનુષ્યને વિસ્મૃત બનાવી દીધો છે. સાધનારૂપી રણભૂમિએ પોતાના જ અજ્ઞાનરૂપી અસુરની સામે લડવું પડે છે. કર્તવ્ય, ધર્મ તથા સંઘર્ષ સાથે જ જોડાયેલા છે. માટે હે અર્જુન – ચિરપરિચિતોનો, ચિર સાથીઓનો મોહ છોડ અને તે કર જેનાથી કલ્યાણની સાધના સફળ થાય છે. આત્મગૌરવને ભૂલેલી પ્રત્યેક વ્યક્તિએ પોતાના બળસંચયની સાધના કરતી વખતે અર્જુનની જેમ અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. વિવેક ભૂમિકામાં જાગૃત આત્મા જો પોતાના મલિન-દોષોનેય દૂર ન કરી શકે તો તેની જાગૃતિનું આખરે પ્રયોજન જ શું રહ્યું ? જેની પાસે આત્મભૂમિકામાં જાગ્રત થયેલા જીવનયુક્ત નર-નારાયણ છે, તેના માટે સંસારમાં કશું અશક્ય નથી. અધ્યાત્મનાં ઉચ્ચ સોપાન પર ચઢવા કે રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરવા આત્મજાગૃતિ જ પ્રથમ શરત છે.

## આત્મા-શ્રદ્ધા ની જરૂરિયાત

જો મનુષ્ય પોતાની મહાનતાને ઓળખી લે તો તેનો વિકાસ માર્ગ સરળ બની જાય છે. મનુષ્ય હોવાનો અર્થ એ છે કે, આપણે શક્તિના ભંડાર છીએ. પોતાની આંતરિક વિલક્ષણ ક્ષમતા પ્રત્યે શ્રદ્ધા અને પોતાની સફળતા પર વિશ્વાસ જેટલો મજબૂત હશે એટલા જ આપણે સફળતાના અધિકારી હોઈશું. જો પ્રત્યેક સ્થાને પ્રત્યેક પરિસ્થિતિમાં આપણે વિજય પ્રાપ્ત કરવાનો ભરોસો ન રાખીએ તો આપણે મનુષ્ય કહેવડાવવાના અધિકારી નથી. આપણામાં હંમેશાં એ પ્રકારની આત્મશ્રદ્ધા રહેવી જોઈએ કે આપણે મહાન છીએ અને અમારી અંદર અદ્ભુત શક્તિઓ રહેલી છે. આ રીતના આંતરિક વિશ્વાસથી મહત્વપૂર્ણ કાર્યો કરવાની જેટલી હિંમત પ્રાપ્ત થશે, તેટલી બીજી કોઈ વાતથી નહિ થાય.

જેમનામાં ઊંચા પ્રકારની આત્મ-શ્રદ્ધા હતી તેઓ પોતાનાં શરૂ કરેલાં કાર્યોને પૂરાં કરવાં વિશે અડગ વિશ્વાસ રાખે છે. આવાં સ્ત્રી પુરુષોએ જ માનવ-સંસ્કૃતિમાં ચમત્કાર કરી બતાવ્યાં છે.

કેટલાયે માણસોમાં જે વસ્તુ ઉપર શ્રદ્ધા હતી, બીજા લોકોએ એને કાલ્પનિક અથવા તુચ્છ બતાવી હતી, પરંતુ તેઓ તે કાર્યને સિદ્ધ કરવામાં, તે વસ્તુને મૂર્ત રૂપ આપવામાં અપૂર્વ સહનશક્તિનો પરિચય આપતા નિરંતર જોડાયેલા રહ્યા. તેના પરિણામે માનવજાતિને એમવાં સાધન પ્રાપ્ત કરાવી શક્યાં કે જેનાથી પ્રગતિમાં મહત્વપૂર્ણ મદદ મળી. જો તેઓ આમ ન કરત તો આજે આપણે કેટલીક સદીઓ પુરાણી અવસ્થામાં જ પડી રહેત, એવો કોઈ નિયમ નથી કે તમે સફળતાની આશા રાખ્યા વિના, અભિલાષા કર્યા વિના, તેના માટે દ્રઢ પ્રયત્નો કર્યા વિના જ સફળતા પ્રાપ્ત કરી શકો. પ્રત્યેક ઊંચી સફળતા માટે પહેલાં મજબૂત દ્રઢ આત્મ-શ્રદ્ધા હોવી જરૂરી છે. તેના વિના સફળતા કદી મળી શકતી નથી. ભગવાનના આ નિયમબદ્ધ અને શ્રેષ્ઠ વ્યવસ્થાયુક્ત જગતમાં દૈવયોગ માટે કોઈ સ્થાન નથી. પ્રત્યેક કાર્ય માટે સામાન્ય નહીં પૂર્ણ કારણ હોવું જોઈએ, પરિણામ જેટલું મોટું હોય કારણ પણ તેની બરોબરીનું હોવું જરૂરી છે. નદીનું પાણી કદી તેના મૂળ નિકાસ સ્થાન કરતાં ઊંચે ચડી શક્તું નથી.

મહાન સફળતા પ્રાપ્ત કરવી હોય તો મહાન આત્મ-શ્રદ્ધા પણ રાખવી જોઈએ અને તે રીતે સફળતાપૂર્વક કાર્ય કરવું જોઈએ. તમારી શક્તિ ભલે ગમે તેટલી મોટી હોય, તમારી બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય, તમરું શિક્ષણ ગમે તેટલું ઉત્તમ હોય, તો પણ તમે તમારા કાર્યમાં એટલી જ સિદ્ધ પ્રાપ્ત કરી શકશો. જેટલી તમારામાં આત્મશ્રદ્ધા હશે. જે મનુષ્ય કાર્ય સિદ્ધિ કરવાની શ્રદ્ધા રાખે છે તે જ કાર્ય પૂરું કરી શકે છે અને જેનામાં એવો વિશ્વાસ નથી તે કાર્યને સિદ્ધ નથી કરી શક્તો. આ એક પાકો અને નિર્વિવાદ નિયમ છે.

## ટીકાઓથી ડગી ન જાઓ.

તમારા વિશે, તમારી યોજનાઓ વિશે, તમારા ઉદ્દેશ્યો વિશે બીજા લોકો જે કંઈ વિચાર કરે છે તેના પર અધિક ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. જો તેઓ તમને કલ્પનાઓ પાછળ દોડનાર, ગાંડો અથવા સ્વપ્ન જોનારો કહે તો તેની પરવા ન કરો. તમે તમારી જાત પર શ્રદ્ધા રાખો.

જો તમે આત્મ-શ્રદ્ધા ગુમાવી દેશો તો તમારા વ્યક્તિત્વએ હાર માનવી પડશે. કોઈ માણસના કહેવાથી કે કોઈ આફત આવવાથી તમારો આત્મ-વિશ્વાસ ડગવા ન દો. કદાચ તમે તમારી સંપત્તિ, તમારું સ્વાસ્થ્ય, તમારો યશ અને બીજાઓનું સન્માન ખોઈ બેસશો પણ જયાં સુધી તમે તમારા ઉપર શ્રદ્ધા કાયમ રાખશો ત્યાં સુધી તમારા માટે આશા છે.

જો આત્મ-શ્રદ્ધા કાયમ રાખશો અને આગળ વધતા રહેશો તો વહેલા કે મોડા જગત તમને રસ્તો આપશે જ. એક વખતે એક સૈનિક નેપોલિયન પાસે એટલો ઝડપથી એક સંદેશો લાવ્યો કે તેણે પત્ર આપ્યો તે પહેલાં એનો ઘોડો પડીને મરીને ગયો. નેપોલિયને તરત સંદેશોનો જવાબ લખાવ્યો અને સૈનિકને કહ્યું કે, "હવે મારા ઘોડા પર બેસીને જેટલી ઝડપથી જઈ શકે એટલી જલદી આ જવાબ તારા અફસરને પહોંચાડ" પેલા સૈનિકે એનાથી ઉત્તમ સાજવાળા રૂપાળા પ્રાણી તરફ જોયુ અને કહ્યું, "સેનાપતિ સાહેબ" એક સાધારણ સૈનિક માટે આવો સુંદર અને ભવ્ય ઘોડો શોભતો નથી.- નેપોલિયને કહ્યું, "એક ફ્રાંસીસી સૈનિકને ગમે તેટલી શ્રેષ્ઠ અને ગમે તેટલી ભવ્ય વસ્તુઓ ઉપયોગ કરવાનો અધિકાર છે.

## હીન ભાવના વિકાસ માટે ઘાતક

આ ગરીબ ફ્રાંસીસી સૈનિકની જેમ દુનિયાના મોટા ભાગના લોકો એવું માને છે કે, ભાગ્યદેવતાના લાડકા પુત્રોને જે સુંદર અને ઉત્તમ વસ્તુઓ મળી છે, આપણે તેના અધિકારી ન બની શકીએ. પોતાના વ્યક્તિત્વને નાનું સમજવું અથવા પોતાને હલકા માનવાની આ મનોવૃત્તિ તેમને કેવા નિર્બળ બનાવી દે છે ? તેનાથી તેઓ પોતાના વ્યક્તિત્વ પર પૂરો ભરોસો નથી રાખતા, તેનાથી પૂરી આશા નથી કરતાં પૂરી માંગ પેદા નથી કરતાં. જો તમે વામણાં માનવીનો જ અભિનય કરતાં રહેશો તો તમે કદી ભીમસેન નહીં, બની શકો. પ્રકૃતિનો કોઈ એવો નિયમ નથી કે જેના આધાર પર તમે વામનતાનો વિચાર કર્યા કરવાથી ભીમસેન પેદા થઈ શકે. જેવો આદર્શ હોય છે તેવી જ પ્રતિભા બને છે. મનમાં જેવા બનવાનો વિચાર થાય છે, તે જ માનવીનો આદર્શ હોય છે. ઘણા લોકોને શરૂઆતથી જ એવું શીખવવામાં આવે છે કે જગતની ઉત્તમોત્તમ વસ્તુઓ તેમના માટે પેદા કરવામાં નથી આવી. એટલા માટે આવા લોકોના મગજમાં બાળપણથી આ વાત નક્કી થઈ ગઈ છે કે તેઓ હલકી કોટિના છે. એનું પરિણામ એ આવે છે કે અનેક સ્ત્રી-પૂરુષ, જે મોટાં કાર્ય કરી શક્વાની શક્તિ ધરાવે છે. ફક્ત નાનાં-નાનાં મામૂલી કાર્યોમાં જીવન વિતાવી દે છે. તેઓ પોતાના વ્યક્તિત્વથી ન તો પૂરી આશા રાખે છે કે ન હૃદયથી એટલી મહેનત કરે છે. હીનતાની ભાવના પરિણામે તેઓનું વ્યક્તિત્વ શક્તિ હોવા છતાં પણ દબાયેલું રહે છે.

આપણે આપણા મહાન જન્મસિદ્ધ અધિકારને સંપૂર્ણ રીતે સમજી નથી શક્તા અને આપણે તેટલી ઉન્નતિ કરવા માટે પેદા થયા છીએ, કેટલે અંશે આપણે પોતે જ પોતાના સ્વામી બની શકીએ છીએ, તે વાતને પણ નથી જાણતા. જો આપણે ઈચ્છીએ તો આપણા ભાગ્ય પર પૂરો અધિકાર મેળવી શકીએ છીએ, જે જે કાર્ય

બીજા લોકો માટે શક્ય છે, તે આપણે પણ કરી શકીએ. આપણે જેવા બનવા ઈચ્છીએ તેવા બની શકીએ છીએ. આ વાત પણ હજી આપણી સમજમાં નથી આવી. પ્રસિદ્ધ વિદુષી મેરી કરેલીએ લખ્યું છે કે, -જો આપણે માટીના ઢેફાથી વધારે ઉચ્ચ બનવાની ઈચ્છા નહીં રાખીએ તો વાસ્તવમાં આપણે માટીનું ઢેકું જ બની જઈશું અને વધારે વીર તથા યોગ્ય લોકો આપણા ઉપર થઈને નીકળી જશે. જો તમે આમ જ વિચાર કર્યા કરશો કે તમે બીજાઓની જેમ શ્રેષ્ઠ નથી, પરંતુ નિર્બળ તથા લાચાર પ્રાણી છો તો તમારો જીવનસ્તર વાસ્તવમાં હલકો બની જશે અને તમારી શક્તિ કુંઠિત થઈ જશે.

## આત્મા-શ્રદ્ધાથી વાતાવરણ નિર્માણ્ય

આપણે અનેક વાર કોઈ વ્યક્તિ વિશે સાંભળીએ છીએ કે, આ માણસ જે કાર્યને હાથમાં લે છે તેને પૂર્ણ કરીને જ મૂકે છે. તે જે વસ્તુને સ્પર્શ કરે છે તે સોનું બની જાય છે. આવો માણસ પોતાના ચારિત્ર્યબળ અને બુદ્ધિમત્તાથી અત્યંત પ્રતિકુળ સંજોગોમાં પણ સફળતા પ્રાપ્ત કરે છે. શ્રદ્ધા જ શ્રદ્ધાને પેદા કરે છે અને બળ આપે છે. આત્મશ્રદ્ધાપૂર્ણ, વિજયનો વિશ્વાસું માણસના હકારાત્મક વિચાર તેની ચારે બાજુ વાતાવરણમાં એવા જ વિચારોનું સર્જન કરે છે.

પરિણામ એ આવે છે કે મનુષ્યના પોતાના વિચારોથી નિર્મિત વાતાવરણ તેનામાં શ્રદ્ધા અને વિશ્વાસને વધારે દ્રઢ બનાવે છે. જે માણસ વિજય પ્રાપ્ત કરનારો છે તે ચારે બાજુ વિશ્વાસનો પ્રયત્ન કરે છે અને જે કામને તેણે ઉપાડું છે તેને પૂર્ણ કરવાની શક્તિ તેનામાં છે, એવી શ્રદ્ધા બીજા લોકોમાં પેદા કરે છે. જેમ જેમ સમય પસાર થાય છે તેને પોતાની વિચારશક્તિ જ નહીં પરંતુ પોતાનાથી પરિચય રાખનારાઓની વિચારશક્તિનો પણ સહારો મળે છે.

તેના મિત્ર તથા પરિચિત વ્યક્તિ વારંવાર એમ કહીને કે તે સફળતા પ્રાપ્ત કરવામાં સમર્થ છે. તેને વિજયી બનાવવામાં સહાયક બને છે. તેને જેટલી સફળતાઓ મળતી જાય છે તેની ગંભીરતા, વિશ્વાસ, શ્રદ્ધા, શક્તિમાં તેમ તેમ વધારો થતો જાય છે.

પોતાની જાત વિશે તમે જે વિચાર ધરાવો છો, તેનાથી તમારી શક્તિઓની ઠીક ઠીક ખબર પડે છે. કે તમારી બુદ્ધિ વિશાળ નથી તો તમારામાં સાહસિકતા ગુણ નથી. જો દ્રઢ આત્મશ્રદ્ધા નથી તો તમે કદી મહાન કાર્ય નહી કરી શકો. મહત્વાંકાક્ષાનું તાત્પર્ય મનુષ્યનું ઉચ્ચ આદર્શ અને ઉન્નત ઉદ્દેશ્યો સાથે હોય છે. તેમાંથી જ કાર્ય સિદ્ધ કરનારી શક્તિનો જન્મ થાય છે.

## મંદ વિચાર, શિથિલ પ્રયત્ન કાર્ય સિદ્ધમાં બાધક

કોઈપણ કાર્યની સ્થિતિ પહેલાં વિચારના રૂપમાં હોય છે. તેના વિના તે કદી પ્રત્યક્ષ નથી થઈ શક્તો. એટલા માટે તમે જે કંઈ કાર્ય કરવા ઈચ્છતા હો તેના માટે દ્રઢ વિચાર કરવો, તે મુખ્ય અને શરૂઆતનું કદમ છે. મંદ વિચાર મંદ પરિણામ જ લાવે છે. વિચાર મજબૂત હોવો જોઈએ, નહીંતર જોઈએ એવી કાર્યસિદ્ધિ નથી મળતી.

દુનિયાનાં બધાં મહાન કાર્યોનાં મૂળ આવી મજબૂત ઈચ્છા અને કલ્પનામાં રહે છે, જે નિરાશા અને નિરુત્સાહની પરિસ્થિતિમાં પણ ટકી રહે છે અને તેના માટે માનવી બલિદાન આપવા પણ તૈયાર રહે છે. એટલા માટે કહ્યું છે કે, તમારી શ્રદ્ધાને અનુરૂપ જ સફળતા તમને પ્રાપ્ત થશે. આપણે જીવન દ્વારા કેટલો લાભ મેળવી શકીશું તેની ખબર આપણી શ્રદ્ધાથી જ મળી શકે છે. થોડી શ્રદ્ધાવાળા માણસને થોડું મળે છે અને વધારે શ્રદ્ધાવાળાને વધારે મળે છે.

જો આપણે સ્વાવલંબી માણસોની સફળતાઓ બાબત તપાસ કરીશું તો આપણને જાણવા મળશે કે તેમણે જે વિષયમાં પરિશ્રમ શરૂ કર્યો હતો ત્યારે તેઓ પોતાના ઉપાડેલા કાર્યમાં દ્રઢ અને અડગ શ્રદ્ધા રાખતા હતા. પોતાના ધ્યેયમાં તેમનું મન એટલું મજબૂત જોડાયેલું હતું કે પોતાના વ્યક્તિત્વ અને શક્તિમાં ઓછો વિશ્વાસ રાખનારા માણસોના માર્ગમાં જે મુશ્કેલીઓ આવે છે તે તેઓની સામેથી પહેલાં જ દૂર થઈ હતી.

દુનિયાએ તેઓને માર્ગ કરી આપ્યો હતો. ભાગ્યદેવી જાણે એમના પર અત્યંત પ્રસન્ન હતી. તે રીતે તેમણે જે કોઈ વ્યવસાયમાં હાથ નાખ્યો તેમાં અસાધારણ સફળતા મેળવી હતી. આપણે તેઓની બાબતે જાતજાતનાં અનુમાન કર્યા કરીએ છીએ. પરંતુ વાસ્તવમાં તેઓની જે સફળતા મળી તેનું કારણે એ હતું કે તેઓ પોતાની આશા વિશે સતત સર્જનાત્મક અને નિશ્ચયાત્મક વિચાર કરતા હતા. આપણે સફળતા મેળવી શકીશું તે આપણે માનવું જોઈએ. એટલું જ નહીં તેના પર પૂરા અંતઃકરણથી વિશ્વાસ રાખવો જોઈએ.

## શંકાશીલ મન શક્તિહીન

શિથિલ મહત્વાકાંક્ષા અને ઢીલા પ્રયત્નોથી કદી કોઈ કાર્ય સફળ થતું નથી. આપણી શ્રદ્ધામાં, આપણા નિશ્ચયમાં, આપણા ઉદ્યમમાં તાકાત હોવી જોઈએ. આપણે કાર્ય સિદ્ધિ કનારી શક્તિ સાથે જ કોઈ વિષયનો નિશ્ચય કરવો જોઈએ. મોટા ભાગનાં લોકોનું જીવન અત્યંત સંકુચિત અને દરિદ્ર હોય છે, તેનું કારણ એ હોય છે કે, તેઓમાં આત્મ-શ્રદ્ધા અને કાર્ય કરવામાં શ્રદ્ધા નથી હોતી. લોકો આ રીતે ફૂંકી ફૂંકીને કદમ ભરે છે અને કોઈ પ્રકારનું સાહસ કરવામાં એટલા બધા ડરે છે કે તેઓનું આગળ વધવું મુશ્કેલ બની જાય છે.

આત્મ-શ્રદ્ધાનો અર્થ અહંકાર નહી પરંતુ જ્ઞાન સમજવો જોઈએ. પોતનાં શરૂ કરેલા કાર્યોને પૂરાં કરવાની શક્તિ આપણામાં છે. એવી ખાતરી થતાં આ જ્ઞાન પેદા થાય છે. આપણી સમસ્ત ઉન્નતિ અને સંસ્કૃતિ આ આત્મ-શ્રદ્ધા પર આધારિત છે. તેનાથી વિરુદ્ધ માં જે માણસોના મનમાં હંમેશા શંકા ધુસેલી રહે છે અને જે હાનિ-લાભની ગણતરી જ કર્યા કરે છે, તેઓમાં આગળ વધવાની શક્તિ નથી હોતી, કદાચ તેઓ કોઈ કાર્યનો આરંભ કરે છે તો ડગુમગુ ચાલે છે, તેમના કાર્યમાં નવી નથી હોતું, તેઓના ઉદ્યમમાં નિશ્ચયનો ભાવ નથી જોવા મળતો. શંકા અને ભય, બીકણપણું અને કાયરતા આપણે હલકટ અને મામૂલી દશામાંરાખે છે જયારે આપણેને ઉચ્ચ કક્ષાના કાર્યો કરવાની શક્તિ ધરાવીએ છીએ ત્યારે પણ આપણે શંકા વગેરે દોષોને કારણે હલકટ કાર્ય કરીએ છીએ.

કાર્ય સિદ્ધ કરવાની ઈચ્છાવાળા મનુષ્યે પ્રચંડ તાકાતથી કાર્યની શરૂઆત કરવી જોઈએ અને હંમેશા સામે આવનારાં વિધ્નો દૂર કરવાની શક્તિ રાખવી જોઈએ. આ ઉદ્દેશ્ય ડગુમગુ, શંકાશીલ, અસ્થિર મનથી સફળ નથી થઈ શક્તો. જે કાર્ય બીજા લોકો લોકોને અશક્ય લાગે છે, તેને આવા દ્રઢ નિશ્ચયવાળો મનુષ્ય કરી શકવામાં પૂરો વિશ્વાસ રાખે છે. તેનાથી જાહેર થાય છે, તેનામાં કોઈ એવી શક્તિ છે જે તેમના શરૂ કરેલા કાર્યને સફળ કરવામાં બળ પૂરે છે. શ્રદ્ધા જ માનવીને અનંતની સાથે જોડે છે અને જ્યારે મનુષ્ય પરમાત્માની આટલી નજીક રહે છે કે તેને હંમેશાં તેની ઉપસ્થિતિનો અનુભવ થાય છે. તો તે જરૂર પડતાં અસાધારણ શક્તિ બતાવી શકે છે. આત્મશ્રદ્ધાથી મનુષ્યની શક્તિમાં જેટલો વધારો થાય છે તેટલો બીજા કશાથી નથી થતો. આત્મ-શ્રદ્ધા થી એક જ કામ જાણનારો સફળતા પ્રાપ્ત કરે છે જ્યારે તેના વિનાનો દસ કામ જાણવા છતાં નિષ્ફળ સાબિત થાય છે. માટે જરૂરી છે કે આપણે મનુષ્ય હોવાને લીધે પોતાની અંદરની વિલક્ષણ ક્ષમતા પ્રત્યે શ્રદ્ધા રાખીને જે કાર્યની શરૂઆત કરીએ, પૂરી શક્તિથી કરીએ.